નિદાન કસોટી

પત્રક્રમાંક:મઉમશબ/નિદાનકસોટી/જુલાઇ-2021/
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ,ગાંધીનગર.
તા:- 01/07/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ, ગુજરાત રાજ્ય

**વિષય:- ધોરણ 9, 10 અને 12 ની નિદાન કસોટીઓના આયોજન અંગે**

**સંદર્ભ :- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ / 1120/142 છ તા:- 12/02/2020**

જય ભારત સાથે ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના અભ્યાસમાં સાતત્ય જળવાય રહે તે માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા હોમ લર્નિંગના વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ 2020-2021 માટે સરકારશ્રી દ્વારા તાજેતરમાં ધોરણ 9 થી 11 માં માસ પ્રમોશન અને ધોરણ-12 ની પરીક્ષા રદ કરી, મુલ્યાંકન પ્રવિધિ અનુસાર ગુણાંકન નિયત કરેલ છે.આવા સંજોગોમાં આગામી ધોરણના વિષયવસ્તુ પ્રવેશ પહેલા તેના પાછલા ધોરણના લર્નિંગ લોસ જાણવા માટેની નિદાન કસોટી યોજવાનું શિક્ષણ વિભાગ દ્વારા નક્કી થયેલ છે. આ નિદાન કસોટી માત્ર અને માત્ર પ્રવર્તમાન સમયનાં અધ્યયન - અધ્યાપન સ્તર જાણવા માટે છે, જેના પરિણામના આધારે લર્નિંગ લોસ વિશેની માહિતી પ્રાપ્ત થશે. આથી વિદ્યાર્થી કોઇ ભ્રામક ભય રહિત અને નિશ્ચિત રીતે તંદુરસ્ત માનસિકતા સાથે કસોટી આપે તે ઇચ્છનીય છે. નિદાન કસોટી બાદ ઉપરોક્ત સંદર્ભ ઠરાવ અન્વયે સમયાંતરે વિવિધ વિષયોની એકમ કસોટી યોજવામાં આવશે.

હાલ જુલાઇ માસમાં નવા સત્રના અભ્યાસક્રમની શરૂઆત પહેલા વિદ્યાર્થીઓના લર્નીગ લોસ જાણવા માટેની નિદાન કસોટીનું જે આયોજન કરેલ છે તેનું સમયપત્રક નીચે મુજબ છે.

| નિદાન કસોટીનું સમય પત્રક | |
|---|---|
| **07 જુલાઇ 2021** | બોર્ડ દ્વારા DEO શ્રીને આધિકારીક E-MAIL ADRESS પર પાસવર્ડ પ્રોટેક્ટેડ ફાઇલ વડે પ્રશ્નપત્રો મોકલવામાં આવશે. |
| **07 જુલાઇ 2021** | DEOશ્રી SVC કન્વીનરને E-MAIL ADRESS પર પાસવર્ડ પ્રોટેક્ટેડ ફાઇલ વડે પ્રશ્નપત્રો મોકલશે. |
| **08 જુલાઇ 2021** | SVC કન્વીનર તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યને આધિકારીક E-MAIL ADRESS પર પાસવર્ડ પ્રોટેક્ટેડ ફાઇલ વડે પ્રશ્નપત્રો મોકલશે તેમજ www.gseb.org વેબસાઇટ પર પ્રશ્નપત્રો મુકવામાં આવશે. |
| **10 થી 12 જુલાઇ 2021** | વિદ્યાર્થીઓ કસોટી આપશે જેમાં દરરોજનું એક પેપર લખશે. |
| **13 થી 14 જુલાઇ 2021** | વિદ્યાર્થીઓ પાસેથી લખેલી ઉત્તરવહી પરત મેળવીએ. |
| **30 જુલાઇ 2021** | 30 જુલાઇ 2021 સુધીમાં તમામ વિદ્યાર્થીઓનું વિષયવાર પરિણામ તૈયાર રાખવું. |
| **ઓગસ્ટનું પ્રથમ સપ્તાહ** | ઓગસ્ટ માસના પ્રથમ સપ્તાહમાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર ખાતે માર્ક અપલોડ કરવાના રહેશે. જેની સૂચના અલગથી પરિપત્રીત કરવામાં આવશે. |

ઉપરોક્ત સમયપત્રક અનુસાર નીચેની સૂચનાઓને ધ્યાને લઇ જિલ્લા કક્ષાએ કસોટીનું આયોજન કરવાનું રહેશે

- વર્ષ- 2021-2022 માં લેવાનારી ધોરણ 9, 10 અને 12 ની નિદાન કસોટી અને તમામ એકમ કસોટીના માર્ક્સની એન્ટ્રી શાળા કક્ષાએથી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગરના પોર્ટલ પર કરવાની રહેશે.
- **આથી તમામ શાળાના DISE CODE અને શાળાના તમામ વિદ્યાર્થીઓના ચાઇલ્ડ યુનિક ID નંબર હોવા ફરજીયાત છે. તેમજ દરેક વિદ્યાર્થીની પ્રવાહ (વિજ્ઞાન પ્રવાહ /સામાન્ય પ્રવાહ/ અન્ય પ્રવાહ) મુજબ એન્ટ્રી કરેલી હોવી જોઇશે. આ વિગત શાળાએ સત્વરે UPDATE કરાવવાની રહેશે.**
- ઉપરોક્ત સમયપત્રકને ચુસ્તરૂપે વળગી રહીને શાળાએ આયોજન કરવાનું રહેશે.
- ધોરણવાર નિદાન કસોટીના વિષયો અને અભ્યાસક્રમ બિડાણ-૧ માં દર્શાવેલ છે. જે-તે ધોરણની નિદાન કસોટીનો અભ્યાસક્રમ તેના આગળના ધોરણ (PREVIOUS STANDARD) ના અભ્યાસક્રમમાંથી ઉપયોગી પ્રકરણના મુદ્દાનો સમાવેશ કરેલ છે (દા.ત. ધોરણ-9 ની નિદાન કસોટી માટે ધોરણ-8 ના વિષયો આધારીત પ્રશ્નપત્રો તૈયાર કરેલ છે).
- નિદાન કસોટીની ઉત્તરવહીનું મુલ્યાંકન કાર્ય વિદ્યાર્થી જે ધોરણમાં અભ્યાસ કરે છે તે ધોરણના વિષય શિક્ષકો દ્વારા કરાવવાની સંપૂર્ણ જવાબદારી જે-તે આચાર્યની રહેશે.
- 30 જુલાઇ સુધીમાં વિદ્યાર્થીઓનું વિષયવાર અને પ્રશ્નવાર પરીણામ તૈયાર કરવાનું રહેશે (દા.ત. માધવી નામની વિદ્યાર્થીના ધોરણ-12 સામાન્ય પ્રવાહની સમાજશાસ્ત્ર વિષયની નિદાન કસોટીના 1 થી 31 તમામ પ્રશ્નોના ગુણ મુજબ પ્રશ્નવાર પરિણામ તૈયાર કરવું.) પરિણામ પત્રકનો નમૂનો બિડાણ-૨ માં સામેલ છે. જે મુજબ EXCEL Sheet માં પરિણામ તૈયાર કરી શાળાનાં રેકર્ડ પર દર્શાવવાનું રહેશે. આ પરિણામના આધારે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (CCC) ગાંધીનગર ના પોર્ટલ પર માર્ક્સની એન્ટ્રી કરવાની રહેશે.
- ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં ગાંધીનગર ખાતેના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે દરેક વિદ્યાર્થીના વિષયવાર અને પ્રશ્નવાર માર્કસની એન્ટ્રી SARAL DATA APPLICATION થી કરવાની રહેશે. જેની વિગતવાર સૂચના અલગથી પરિપત્રિત કરવામાં આવશે.

આમ ઉપરોકત સૂચનાઓથી આપના જિલ્લાના તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોને માહિતગાર કરશો. તેમજ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ નિદાન કસોટીના કાર્યક્રમને સમયસર અનુસરવામાં આવે તે અંગે સુચારૂ આયોજન કરશો તેવી વિનંતી.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,
ગાંધીનગર

❖ બિડાણ :
બિડાણ-૧ : ધોરણવાર નિદાન કસોટીના વિષયો અને અભ્યાસક્રમ
બિડાણ-૨ : નિદાન કસોટીના પરીણામ પત્રકનો નમૂનો

Scanned with CamScanner

બિડાણ-1

## ધોરણવાર નિદાન કસોટીના વિષયો અને અભ્યાસક્રમ

| ધોરણ | વિષયો | અભ્યાસક્રમ |
|---|---|---|
| ધોરણ - 9 માટેની નિદાન કસોટી | ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન | જેમાં ધોરણ-8 ના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નપત્રો હશે. |
| ધોરણ - 10 માટેની નિદાન કસોટી | ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન | જેમાં ધોરણ-9 ના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નપત્રો હશે. |
| ધોરણ - 12 (વિજ્ઞાનપ્રવાહ) માટેની નિદાન કસોટી | ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ગણિત / જીવ વિજ્ઞાન | જેમાં ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) ના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નપત્રો હશે |
| ધોરણ - 12 (સામાન્ય પ્રવાહ) માટેની નિદાન કસોટી | નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, આંકડાશાસ્ત્ર, મનોવિજ્ઞાન, , સમાજશાસ્ત્ર, ભૂગોળ, તત્વજ્ઞાન | જેમાં ધોરણ-11 (સામાન્ય પ્રવાહ) ના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નપત્રો હશે |

નોંધ :-

1) ઉપરોક્ત અભ્યાસક્રમમાં આગળના ધોરણના તેવા પ્રકરણ/મુદ્દાઓનો સમાવેશ કરેલ છે. જે ચાલુ ધોરણના પાઠ્યક્રમના અધ્યયન- અધ્યાપન માટે ઉપયોગી નીવડે.

2) ધોરણ-11 માં હાલ પ્રવેશ પ્રક્રીયા ચાલુ હોવાથી તેમની નિદાન કસોટી હાલ રાખેલ નથી.

Scanned with CamScanner

બિડાણ-2

## નિદાન કસોટીનાં પરિણામ પત્રકનો નમૂનો

શાળાનું નામ:.................................... જિલ્લો:....................... તાલુકો:.................

આચાર્યશ્રીનું નામ:........................... ઇન્ડેક્ષ નંબર:...................... U-DISE નંબર.........................

મોબાઇલ નં:..........................

| ધોરણ | ક્રમ/ રોલ નંબર | વિદ્યાર્થીનું નામ | યુનિક ID નંબર | વિષય | પ્રશ્ન વાર ગુણ | | | | | | | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 | 3 | 4 | 5 | ........ | 30 | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

નોંધ :- EXCEL Sheet માં પરિણામ તૈયાર કરી પરિણામ શાળાના રેકર્ડ પર સાચવવાનું રહેશે.

Scanned with CamScanner

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/8524
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. 3/૦૭/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.